દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શુક્રવાર ૧૯ જૂન, ૨૦૨૬

દુનિયાને પહેલા ખર્વ પતિ મળ્યા: જો કે બહુ ખુશ થવા જેવું નથી

દુનિયામાં પહેલા કરોડપતિઓની ચર્ચા હતી, પછી અબજપતિઓ આવ્યા , હવે જગતને તેના પ્રથમ ખર્વ પતિ કે ટ્રિલિયોનર મળ્યા છે. છેલ્લા કેટલાક સમયથી વિશ્વના અતિ ધનિકોની યાદીમાં ટોચ પર રહેલા ટેસ્લા અને સ્પેસએક્સ જેવી કંપનીઓના માલિક ઇલોન મસ્ક વિશ્વના સૌપ્રથમ ટ્રિલિયોનર જાહેર થયા છે અને તે પણ ડોલરની દૃષ્ટિએ! અમેરિકી શેરબજારના નાસ્ડેક પર સ્પેસએક્સ કંપની લિસ્ટેડ થયા પછી, દુનિયાને તેના પ્રથમ ટ્રિલિયોનર ઈલોન મસ્ક મળ્યા. પરંતુ જે બાબતે લોકોને ખરેખર સ્તબ્ધ કરી દીધા છે તે ઓનલાઈન ચાલી રહેલી એક ખાસ સરખામણી છે. મસ્કની કુલ સંપત્તિમાં માત્ર એક જ ટ્રેડિંગ ડેમાં 164.8 અબજ ડોલરનો આશ્ચર્યજનક ઉછાળો આવ્યો, જે અગાઉના ટ્રેડિંગ ડે કરતાં 14.71% નો વધારો છે. અને આ એક દિવસનો વધારો ભારતના સૌથી ધનિક વ્યક્તિ મુકેશ અંબાણીની કુલ નેટવર્થ કરતાં લગભગ બમણો છે, જેઓ હાલમાં 89.7 અબજ ડોલર પર છે. આ લખાય છે ત્યાં સુધીમાં, મસ્કની કુલ નેટવર્થ 1.3 ટ્રિલિયન ડોલર પર પહોંચી ગઈ છે, અને તમારા હાથમાં આ લખાણ આવે ત્યાં સુધીમાં કૂદકે ને ભૂસકે મસ્કની મિલકતો કદાચ આનાથી ઘણી વધી ગઇ હોઇ શકે છે.

મસ્કની કમાણીમાં ટેસ્લા અને સ્પેસએક્સ તેમની સંપત્તિના મુખ્ય સ્ત્રોત છે. બીજી તરફ, અંબાણીની પોતાની નેટવર્થમાં તે જ દિવસે 965 મિલિયન ડોલરનો વધારો થયો, જે 1.09% નો ઉછાળો છે, જે પૃથ્વી પરના અન્ય કોઈપણ વ્યક્તિ માટે એક અસાધારણ આંકડો હોત. પરંતુ મસ્કના એક દિવસના વધારા સામે, તે નહિવત બરાબર લાગે છે. અને જો તમને અંબાણી સાથેની સરખામણી બરાબર નહીં લાગતી હોય તો આ બીજી સરખામણી જુઓ. વિશ્વની સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ ભારત હાલમાં 4.15 ટ્રિલિયન ડોલરની જીડીપી ધરાવે છે. મસ્કની વ્યક્તિગત નેટવર્થ 1.3 ટ્રિલિયન ડોલર છે. તે ભારતના જીડીપીના લગભગ ચોથા ભાગ જેટલી છે. 1.4 અબજ લોકોના આખા દેશના આર્થિક ઉત્પાદન સામે આ એક જ વ્યક્તિની સંપત્તિનો આ આંકડો છે! મસ્કની કમાણી બીજા પણ ઘણા નવા નવા આશ્ચર્યો સર્જી રહી છે. માત્ર 24 કલાકમાં મસ્કની સંપત્તિમાં એટલો મોટો ઉછાળો આવ્યો છે કે તેમણે અબજોપતિ રોકાણકાર વોરેન બફેટની આજીવન કમાણીને પાછળ છોડી દીધી છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, સ્પેસએક્સના શેરમાં આવેલા તોફાની ઉછાળા પછી એલન મસ્કની નેટવર્થ 1.27 ટ્રિલિયન ડોલર પર પહોંચી ગઈ છે. આ સાથે જ, દુનિયાના પ્રથમ ટ્રિલિયોનેર તરીકે તેમનું સ્થાન વધુ મજબૂત થયું છે. દિગ્ગજ રોકાણકાર વોરેન બફેટની કુલ નેટવર્થ 148 બિલિયન ડોલર છે. એલન મસ્કની સંપત્તિમાં માત્ર એક જ દિવસમાં 164 બિલિયન ડોલરનો ઉછાળો આવ્યો છે. મસ્ક માત્ર એક દિવસની 'કમાણી' વોરેન બફેટની કુલ સંપત્તિ કરતાં વધી ગઇ છે. ગૂગલના કો-ફાઉન્ડર લેરી પેજ 314 બિલિયન ડોલરની નેટવર્થ સાથે બીજા નંબરે છે. જ્યારે, સર્ગેઈ બ્રિનની નેટવર્થ 292 બિલિયન ડોલર છે. એમેઝોનના ફાઉન્ડર જેફ બેઝોસની નેટવર્થ 267 બિલિયન ડોલર રહી છે. અને ઇલોન મસ્કે વોરન બફેની કુલ કમાણી કરતા વધુ કમાણી સાડા છ કલાકના એક ટ્રેડિંગે સેસનમાં જ કરી લીધી છે!

એક બાજુ આ આંગળીના વેઢે ગણી શકાય તેટલા ગણ્યા ગાંઠ્યા અતિ ધનિકો છે, તેના પછી કદાચ સેંકડોની સંખ્યામાં મલ્ટિ બિલિયોનરો હશે, હજારોની સંખ્યામાં કરોડપતિઓ હશે પરંતુ લાખો નહીં પણ કરોડોની સંખ્યામાં ગરીબો છે. આમાંથી પણ અડધા અબજથી પણ વધુ લોકો તો અતિ ગરીબ છે. એક અંદાજ પ્રમાણે આશરે ૭૦ કરોડ લોકો, અથવા વૈશ્વિક વસ્તીના આશરે ૮.૫%, દરરોજના ૨.૧૫ ડોલર (આશરે ૧૮૦ રૂપિયા) કરતાં પણ ઓછામાં જીવીને અત્યંત ગરીબીમાં પોતાનું જીવન વિતાવી રહ્યા છે. આ સૌથી ગરીબ વસ્તી મુખ્યત્વે સબ-સહારન આફ્રિકામાં કેન્દ્રિત છે, જે વિશ્વના અત્યંત ગરીબ લોકોના આશરે ૬૭% હિસ્સો ધરાવે છે. તો વિશ્વના બીજા વિસ્તારો જેમ કે એશિયા, લેટિન અમેરિકામાં પણ અતિ ગરીબો વસે છે. તો વિશ્વના ઘણા દેશોમાં અતિ ગરીબો નહીં છતાં ગરીબ તો કહી શકાય તેવા લોકોનો આંકડો તો આઠ અબજની વસ્તીમાં અબજો પર જાય. ગરીબી એટલે ખોરાક, કપડાં અને આશ્રય સહિતની મૂળભૂત જરૂરિયાતોને પૂરી કરવા માટે પૂરતા પૈસા ન હોવા તે. ગરીબીની ઘણી બધી કાર્યકારી વ્યાખ્યાઓ છે, અને આ શબ્દની સૌથી સચોટ વ્યાખ્યા કઈ છે તે અંગે મોટો વિવાદ છે. આવકની સુરક્ષાનો અભાવ, આર્થિક સ્થિરતા અને પોતાની મૂળભૂત જરૂરિયાતોને પૂરી કરવાના સતત સાધનોની આગાહી ન કરી શકવી-આ બધું ગરીબીના ચોક્કસ સંકેતો તરીકે કામ કરે છે. તેથી, ગરીબીને મૂળભૂત જીવન જરૂરિયાતો પૂરી કરવા માટેના અણધાર્યા અને અસ્થિર સાધનોની અછતની આર્થિક સ્થિતિ તરીકે પણ વ્યાખ્યાયિત કરી શકાય છે. અને આ રીતે જોઇએ તો વિશ્વની વસ્તીનો ઘણો મોટો ભાગ ગરીબ છે. એક બાજુ અસંખ્ય લોકો જીવનની મૂળભૂત જરૂરિયાતો સારી રીતે પૂર્ણ કરવા અસમર્થ છે તો બીજી બાજુ ગણ્યા ગાંઠ્યા અતિ ધનિકો ઘણા બધા સાધનો અતિ સરળતાથી ખરીદી શકે છે. અને આથી જ વિશ્વને પ્રથમ ટ્રિલિયોનર મળ્યા તેમાં બહુ હરખાવા જેવું કશું નથી.

કેવું જીવન જીવવું છે?

બે બાળપણના મિત્રો હતા, મોટા થતાં તેમની જીવનકરણી અને કામકાજ જુદા હતા. એક મિત્ર સરળ અને શાંત હતો અને જીવનમાં પોતાના નાનકડા કુટુંબ સાથે એકદમ સાદગીથી રહેતો હતો, તે મિત્ર નીડરતાથી પોતાના વિચારો રજૂ કરતો અને સમાજ સુધારક તરીકે સારી સમાજસેવા કરતો હતો. તેની રહેણી કરણી અને આહાર વિહારમાં બધે જ સાદાઈ આંખે ઉડીને વળગતી હતી. સાદા સુતરાઉ કપડા, એકદમ સાદું સાત્વિક ભોજન, અને ખાસ ખાસિયત મોટા પર એકદમ ખુશી... બીજો મિત્ર ચતુર અને ખુશામતખોર હતો તે નગરના રાજાનો ખાસ નજીકનો માણસ ગણાતો હતો. તેણે રાજાની ખૂબ ખૂબ ખોટી પ્રશંસા કરી તેમના માનીતા વ્યક્તિઓમાં સ્થાન મેળવી લીધું હતું અને એટલે રાજાની ભરપૂર કૃપા તેની પર વરસતી હતી. રાજાના ચાર હાથ હતા એટલે તે ખૂબ જ ભવ્ય આરામદાયક જીવન જીવતો હતો. મોટી હવેલીમાં રહેતો, રેશમી વસ્ત્ર અને મોતીની માળા પહેરતો, અને રોજ રોજ ભાત ભાતના મિષ્ઠાન જમતો, અને આ જીવનઘોરણ જાળવી રાખવા તે સતત રાજાની ખુશામત કરતો રહેતો. એક દિવસ બને મિત્રો રસ્તામાં મળી ગયા, સરળ મિત્રએ ધનાઢ્ય મિત્રને પોતાના ઘરે આવવા આમંત્રણ આપ્યું અને ખૂબ જ પ્રેમથી જમવાનું પીરસ્યું જમવામાં સાદો ખોરાક હતો રોટલા, શાક, ખીચડી અને છાશ. ધનિક મિત્રે પરને હસતું મોઢું રાખી સાદું ભોજન કર્યું અને સાથે સાથે પોતાની મહત્તા વધારવા મિત્રને પોતાના ઘરે જમવા આવવાનું નિમંત્રણ આપ્યું. મિત્ર ઘરે આવ્યો તો બત્રીસ પકવાન પીરસ્યા અને સાથે સાથે જ સલાહ આપતા કહ્યું, 'દોસ્ત, સરળતા અને સાદગીના સિધ્ધાંત થોડા છોડ...સમાજસેવા મૂકી ને રાજાની સેવા કર, રાજાને ખુશ કર તો તું પણ રોજ બત્રીસ પકવાન ખાઈ શકીશ અને હવેલીમાં મ્હાલીશ.' સરળ મિત્રએ હસતા હસતા કહ્યું, 'દોસ્ત, આ તો પસંદગીનો વિષય છે તે જીવનમાં રાજાની ગુલામી અને ખોટી ખુશામતની છીછરી રીતભાતથી ભરેલું જીવન પસંદ કર્યું છે. જો તું સાદા સરળ જીવનને અને સાત્વિક ખોરાકને પસંદ કરી લઈશ તો રાજાની સતત ખુશામત કરવામાંથી મુક્ત થઈ જઈશ. મને મારું મુક્ત ખુમારી ભર્યું સાદગીભર્યું જીવન પસંદ છે.' ધનિક મિત્ર આ જવાબ સાંભળી ચુપ થઈ ગયો. જીવન કેવું જીવવું છે અને કેવું બનાવવું છે તે આપણી પસંદગી પર આધાર રાખે છે માટે હંમેશા જાગૃત રહી સાચી પસંદગી કરવી જરૂરી છે.

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

જોં ડ્રીઝ: લોકોની વચ્ચે ચાલતા અર્થશાસ્ત્રીને આંતરરાષ્ટ્રીય પુરસ્કાર

અર્થશાસ્ત્રનું મહત્વ સંપત્તિને વધારતી વિદ્યાશાખા તરીકે છે, એમાં સંપત્તિની અસમાન વહેંચણીને કારણે ઉદભવતા પ્રશ્નોની ચર્ચા પાછલી સીટ પર જતા રહેતા હોય છે. એટલે અર્થશાસ્ત્રીઓ મોટે ભાગે એ.સી. રૂમમાં બેસીને નીતિ વિષયક વાત કરતા જોવા મળે. ખૂબ ઓછા અર્થશાસ્ત્રી એવા છે જેમણે શૈક્ષણિક સંશોધન અને જમીની સ્તરના સામાજિક કાર્યને અસરકારક રીતે જોડ્યા હોય. એવું એક નામ છે પ્રોફ. જોં ડ્રીઝ. છેલ્લા ચાર દાયકાથી તેઓ ગરીબી, અસમાનતા, સામાજિક કલ્યાણ અને લોકશાહી અધિકારો અંગેનો મહત્વના અવાજોમાંના એક રહ્યા છે. તેમણે સાબિત કર્યું છે કે અર્થશાસ્ત્ર માત્ર નાણાંની લેવડદેવડ સમજવા માટે જ નહીં, પરંતુ સમાજને વધુ ન્યાયી બનાવવા માટે પણ ઉપયોગી બની શકે છે. બેલ્જીયમમાં જન્મેલા ડ્રીઝે ૨૦૦૨માં ભારતની નાગરિકતા સ્વીકારી. દિલ્હી સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ જેવી પ્રતિષ્ઠિત સંસ્થામાં અર્થશાસ્ત્રના પ્રધ્યાપનનું કામ કર્યું. જોકે, તેમનું કામ માત્ર યુનિવર્સિટીઓ અને નીતિગત મંચો સુધી મર્યાદિત નથી રહ્યું. તેમણે ગામડાઓમાં રહીને સામાન્ય લોકો વચ્ચે કામ કર્યું છે. લોકોના જીવન સાથેનો આ સીધો સંપર્ક તેમના સંશોધન કાર્યની સૌથી મોટી ઓળખ બની.

તેમણે નોબેલ પારિતોષિક વિજેતા અમર્ત્ય સેન સાથે ઘણું કામ કર્યું, જેમાં તેમણે વિકાસને માત્ર આર્થિક વૃદ્ધિ સાથે સરખાવતી પરંપરાગત વિચારધારાને પડકારી અને દલીલ કરી કે વિકાસનું સાચું માપદંડ લોકોની ક્ષમતાઓ છે-અર્થાત્ તેઓ કેટલું સ્વસ્થ, શિક્ષિત અને ગૌરવપૂર્ણ જીવન જીવી શકે છે. ભૂખમરો, કુપોષણ, શિક્ષણ અને જાહેર સેવાઓ અંગેના તેમના અભ્યાસોએ દર્શાવ્યું કે ગરીબ અને વંચિત લોકોના જીવનમાં સુધારો લાવવા માટે લોકશાહી સંસ્થાઓ અને રાજ્યની સક્રિય ભૂમિકા અત્યંત જરૂરી છે.

પ્રો. ડ્રીઝનું માનવું છે કે અર્થશાસ્ત્રીઓએ પોતાના કચેરીઓ અને સંશોધન સંસ્થાઓની બહાર નીકળી લોકોના જીવનને નજીકથી સમજવું જોઈએ. તેમણે રોજગારના અધિકાર, અન્ન સુરક્ષાના અધિકાર, માહિતીનાં અધિકાર તેમજ શિક્ષણના અધિકાર માટેના વિવિધ જનઆંદોલનો સાથે કામ કર્યું છે. તેઓ એ વિચારધારાના સમર્થક રહ્યા છે જે માને છે કે વિકાસની પ્રક્રિયા તેમજ એની ફલશ્રુતિ પર સૌનો અધિકાર હોવો જોઈએ. એટલે જ તેમના મતે ખોરાક, રોજગાર, શિક્ષણ અને આરોગ્ય જેવી મૂળભૂત જરૂરિયાતોને સરકારની દયા કે કલ્યાણકારી યોજનાઓ તરીકે નહીં, પરંતુ નાગરિકોના અધિકાર તરીકે જોવી જોઈએ. જ્યારે લોકો આ સુવિધાઓને પોતાના અધિકાર તરીકે માંગે છે ત્યારે લોકશાહી વધુ જવાબદાર બને છે. તેમની આ દલીલનો પ્રભાવ ઐતિહાસિક રીતે મહત્વના બે કાયદાઓમાં સ્પષ્ટ જોવા મળે છે, મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (મનરેગા) અને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ. મનરેગા લાખો ગ્રામિણ પરિવારોને રોજગારનો કાનૂની અધિકાર આપે છે, તેવી જ રીતે, રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ કરોડો લોકોને સસ્તા અનાજનો અધિકાર આપે છે. આ બંને કાયદાનું મહત્વ એ છે કે તેમાં સામાજિક સુરક્ષાને સરકારની દયાની લ્હાણી નહિ પણ લોકોનો અધિકારો માનવામાં આવ્યા છે. જે છેવાડાના નાગરિક માટે સન્માનપૂર્ણ જીવનની વ્યવસ્થા ઊભી કરે છે. આ બંને કાયદાને આકાર આપવામાં પ્રો. ડ્રીઝની ભૂમિકા મહત્વની છે.

પ્રો. ડ્રીઝના અનેક વિદ્વતાપૂર્ણ લખાણોની વચ્ચે એમના જમીની અનુભવો વર્ણવતું પુસ્તક- "Sense and Solidarity: Jholawala Economics for Everyone" વાંચતા તેમની સામાજિક અસમાનતાને દૂર કરવા માટેના માળખાકીય ઉપાયો પ્રત્યેની પ્રતિબદ્ધતા દેખાય છે. એટલે જ અસમાનતા ઘટાડવા માટેના તેમના જીવનભરના યોગદાનને તાજેતરમાં ગ્લોબલ ઈનઈક્વાલિટી રિસર્ચ એવોર્ડ (GiRA) દ્વારા સન્માનિત કરવામાં આવ્યું છે. આ પુરસ્કાર એવા વિદ્વાનોને આપવામાં આવે છે જેમનું કાર્ય અસમાનતાને સમજવામાં અને વધુ સમાનતાવાદી સમાજના નિર્માણ માટે નીતિઓ ઘડવામાં મહત્વપૂર્ણ ફાળો આપે છે. ૨૦૨૪માં પેરીસની બે સંસ્થા દ્વારા શરુ કરવામાં આવેલો આ પુરસ્કારનું વિશેષ મહત્વ છે કારણકે, વિશ્વના દેશોમાં અર્થતંત્ર ઝડપથી વિકસી રહ્યા છે, પરંતુ વિકાસના લાભો સમાજના નાનકડા વર્ગ સુધી જ કેન્દ્રિત થઈ રહ્યો છે. અમેરિકા જેવા વિકસિત દેશોથી લઈને ભારત જેવી વિકસતી અર્થવ્યવસ્થાઓ સુધી આવક, સંપત્તિ, શિક્ષણ અને તકોમાં અસમાનતા વધી રહી છે. આવી સ્થિતિમાં પ્રો. જોં ડ્રીઝનું કાર્ય આપણને યાદ અપાવે છે કે માત્ર આર્થિક વૃદ્ધિ થવાથી આપોઆપ સામાજિક ન્યાયની ખાતરી મળતી નથી. જ્યારે અસમાનતા વધે છે ત્યારે અધિકાર આધારિત નીતિઓનું મહત્વ વધુ વધી જાય છે, જેથી વિકાસના ફળો સમાજના દરેક વર્ગ સુધી પહોંચે. જોં ડ્રીઝનું કામ એ વાતનો પુરાવો છે કે અર્થશાસ્ત્ર માત્ર બજારો વિશે નથી; પરંતુ તે માનવ ગૌરવ, સામાજિક ન્યાય અને લોકશાહી જવાબદારી વિશે પણ છે. એકવીસમી સદીમાં જ્યારે અસમાનતા એક મોટો પડકાર બની ગઈ છે, ત્યારે જોં ડ્રીઝના વિચારો વધુ ને વધુ પ્રાસંગિક અને જરૂરી બની ગયા છે. પ્રો. ડ્રીઝની સાથે અસમાનતા સામે ઝઝુમતા સંશોધકોને સન્માનવા માટે GiRA ને પણ અભિનંદન.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

કહેવાની વાત

નેહા શાહ

એકવીસમી સદીમાં જ્યારે અસમાનતા એક મોટો પડકાર બની ગઈ છે, ત્યારે જોં ડ્રીઝના વિચારો વધુ ને વધુ પ્રાસંગિક અને જરૂરી બની ગયા છે

લોકશાહીમાં ચૂંટણીને રમત માનનારા લોકો અને પક્ષોને કાબૂમાં રાખવાનો કાયદો બનાવો

નાના બાળકો "ઘર ઘર રમે" તેમ હવે અતિ જવાબદાર પદ ઉપર બેઠેલા ધારાસભ્યો ચૂંટણી-ચૂંટણી લડવાની વાતો કરતા થયા છે. તેમની જવાબદાર રાષ્ટ્રીય પાર્ટીના આગેવાનો પણ તેમને આવો વાણી વિલાસ કરતા રોકતા નથી અને ચૂંટણી લક્ષી રાજ રમતમાં રાજીનામાં નો ખેલ છેલ્લા વર્ષોમાં ગુજરાતમાં બીજા કોઈ પણ રાજ્ય કરતા ખુબ ઊંચા દરે ચાલ્યો છે અને આ આખી ઘટનામાં પ્રજા તો બિચારી લાચાર નયને તાયફા જ જુવે છે એ તો પ્લેન દુર્ઘટના ના આઘાત ભૂલે કે પુલ તૂટવાના દુખડા રોવે? એક બીજા ને ચેલેન્જ આપનારા ધારા સભ્યો અત્યારે વરસાદમાં અને પૂરની સ્થિતિમાં પોત પોતાના વિસ્તારમાં પ્રજાકીય કામ કરવાની સ્પર્ધા કેમ નહી કરતા હોય? તેમના આકાઓ તેમને મત વિસ્તારમાં ફરવાની વાત કેમ નહી કરતા હોય? કોઈ નાના મુદ્દા પર ચર્ચાઓ આંદોલનો પોલીસ કેસ કરનારા આ લોકશાહી ને રમત બનાવી દેનારા સામે ચુપ ચાપ તમાશો જુવે છે વાત માત્ર અત્યારે રાજીનામાં માટે થયેલા હોકારા પડકારાની નથી. ગુજરાતમાં આરોગ લાગુ થાઓ છે છેલ્લા વર્ષોમાં જ્યારે વિધાન સભાની ચૂંટણીઓ યોજાયા પછી વિપક્ષમાં ચુંટાયેલા નેતા પોતાની બેઠક પરથી રાજીનામું આપી સત્તા પક્ષમાં જોડાય અને ખાલી પડેલી બેઠક પર ફરી ચૂંટણી યોજાય! સત્તા પક્ષ આ જ નેતાને, આજ બેઠક પર ચૂંટણીની ટીકીટ આપે અને સમર્થકો આજ બેઠક પર તેને ફરી જીતાડે. જીતે પણ કદાચ એ જ તો પ્રશ્ન એ થાય કે આ એક જ માણસને માત્ર આ પાર્ટી માંથી આ પાર્ટીના ધારાસભ્ય બનાવવા આ ચૂંટણી કરવાની? આ ખર્ચ કોણ ભોગવે? શું કામ ભોગવે? આવા ખેલ પ્રજાએ મુક પ્રેક્ષક બનીને ક્યાં સુધી જોયા કરવાના? આમાં પ્રજાનો શું વાંક? પ્રજા તો ધારે ત્યારે પોતાના પ્રતિનિધિને પાછો નથી બોલાવી શકતી.

વર્ષો પહેલા ભારતમાં ચુટાયેલા પ્રતિનિધિ રાતો રાત પક્ષ પલટો કરતા, સરકારો પડી જતી અને લોકશાહીમાં લોકોના અધિકારો જ ગલી જવમાં આવતા. આ આયારામ ગયારામની નીતિ અટકાવવા કાયદો લાવવામાં આવ્યો કે ચુટાયેલા ધારા સભ્યો, સંસદ સભ્યો રાતો રાત પક્ષ પલટો કરી શકશે નહીં તેમણે પહેલા પદ ઉપરથી રાજીનામું આપવું પડશે પછી પક્ષ બળવાનો અને પછી ફરી ચૂંટણી લડવાની. આ કાયદામાં એક છૂટ રાખવામાં આવી કે જો કોઈ પાર્ટીના એક ચુટાયેલા સભ્યોમાંથી એક તૃતિયાંસ સભ્યો એક સાથે બીજી પાર્ટીમાં જશે તો તેમનું ધારાસભ્ય પદ ચાલુ રહી શકશે. વ્યક્તિગત પક્ષ પલટા પર કાબુ લાવવા બનેલા કાયદાએ સામુહિક પક્ષ પલટા ની દિશા બતાવી અને અનેક પાર્ટીઓ મોટા પાયે તૂટી!

ગુજરતમાં ભાજપ આવા મોટા પલાયનનો ભોગ બનેલો, પણ ભાજપ સત્તામાં આવ્યા પછી શિવશેના સહિત અનેક પક્ષો આ બહુમત પ્લાય્નનો ભોગ બન્યા અને લાભ ભાજપને મળ્યો. એક સમયે કહેવાતું કે ઈન્દિરા ગાંધી થાંભલો ઊભો રાખે તો તે પણ ચૂંટણી જીતી જાય. તેવું જ હવે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી વિશે બોલાય છે અને અનુભવાય છે. અનેક યોગ્ય લોકો મોદીના નામે ચુંટાઇ આવે છે, અને

જો આ રમત અટકાવ્વવી હોય, નેતાઓની નફ્ફટાઈ રોકવી હોય તો પ્રથમ તો પ્રજાએ નક્કી કરવું પડશે કે ચૂંટણી સમયે આપણે જે ધારાસભ્ય મત માંગવા આવે તેને પૂછવું પડશે કે તું જીતી ગયા પછી પાંચ વર્ષ સુધી સ્થિર મક્કમ રહીશને? તારે રાજીનામું આપવાનું થાય તો અમને પૂછીશ? ફરી મત માંગવા આવવાનું નહી.

જો ઉમેદવાર જીત્ય પછી રાજીનામું આપે અને ફરી ચૂંટણીમાં ઊભો રહે તો પ્રજાએ તેને વોટ આપવો જ નહીં, પણ આ ઉપાયો આદર્શ અને કાલ્પનિક છે. આ ચુટાયેલા ધારાસભ્યો ચૂંટણી-ચૂંટણી રમવાની નફ્ફટાઈ બંધ ત્યારે જ કરે જો કાયદો બને કે ચુતાયેલ ધારાસભ્ય ચાલુ ટર્મમાં રાજીનામું આપે તો બીજા પાંચ વર્ષ સુધી ચૂંટણી લડી શકશે નહીં. કારણકે પ્રજાએ તો તમને પસંદ જ હતા રાજીનામું તમે આપ્યું છે તો થોડો આરામ કરો. પાર્ટી બદલો તેનો વાધો નહી. લોકસેવા કરો ચૂંટણી પાંચ વર્ષ પછી જ લડી શકશો. આમ પણ દેશમાં વન નેશન વન ઈલેક્શનની વાત થાય છે. તો એક વિધાનસભા સીટ માટે એક જ વાર ચૂંટણીનો નિયમ કરવામાં શું વાધો છે. જો રાજીનામું આપ્યા પછી તરત ચૂંટણી લડવાની વાત પર કાયદેસર પૂર્ણ વિરામ મુકાઈ જાય તો આ આવીજા કોનામાં કેટલી હિમ્મત છે ના હોકારા, પડકાર અને જીતેલા ઉમેદવારોને લાંચ કે ડર દ્વારા પક્ષ પલટાની પ્રજાને લાચાર બનાવી દેનારી રમત બંધ થાય.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

રાજ કાજ ગુજરાત

કાર્તિકેય ભટ્ટ

અનેક યોગ્ય લોકો મોદીના નામે ચુંટાઈ આવે છે અને માટે જ સતત જીતતી ભારતીય જનતા પાર્ટીમાં ઘણા લોકો હવે ચૂંટણીને રમત માનતા થઈ ગયા છે

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

શતાબ્દી તરફ

કોઈ પણ જાતના તાર વગર અવાજને એક સ્થળેથી બીજા સ્થળે મોકલવાનું સંશોધન ઈટાલીના માર્કોનીએ કર્યું, અલ્ટ્રાશેન્ટ અને માઈલ વોસની મદદથી રેડિયોનું 1936માં સંશોધન કર્યું, મૂળ નામ All India Radio વિવિધ કાર્યક્રમો હવે ટ્રાન્ઝીસ્ટ પર વહેવડાવી શ્રોતાઓને સંતોષનો ઓડકાર આપ્યો. આકાશવાણીનો મોહ આજે પણ અમુક સમાજમાં યથાવત્. શાસ્ત્રીય સંગીત, વિવિધ માહિતી, કૃષિ માહિતી, જવાનોની માહિતી, છાયાગીત, નાટકો શ્રોતાઓને જકડી રાખે. સુરતના ચંદ્રવદન મહેતા, ભગવતીકુમાર શર્મા, યઝદીભાઈ કરંજીઆ ગુજરાતમાંથી અનેક દિગ્ગજ કલાકારોને કૃતિ રજૂ કરવા આમંત્રણ આપ્યું. સફળ રહી આકાશવાણી. ટી.વી.ના આગમન પછી પણ પોતાનું અસ્તિત્વ સહેજ પણ ડગવા દીધું નથી અને શતાબ્દી ઉજવણી તરફ દોટ મૂકી છે. આકાશવાણી શબ્દ રવીન્દ્રનાથ ટાગોરે આપ્યો હતો. આકાશવાણીના નેવું વર્ષ થયાં. માહિતી દેશના ખૂણે ખૂણેથી એકઠી કરી હળવી ભક્તિમાં પીરસે. આ એવું માધ્યમ છે સમસ્ત દેશમાંથી માહિતી મેળવી શ્રોતાજનોને વાકેફ રાખે. કેટલીય ભાષાના માધ્યમ દ્વારા કાર્યક્રમો પ્રસરિત થાય. પર્યાવરણને પ્લાસ્ટીકમુક્ત કરવાના પ્રયત્નો જારી. એનો ઈતિહાસ નહિ, સહયોગ શ્રોતાઓને આકર્ષે. નવ નવ દાયકા પસાર કર્યા પછી શતાબ્દી તરફ પ્રયાણ યથાવત્ છે. એ સંચાલિત આ વાતને આભારી. અભિનંદન.

સુરત - કુમુદભાઈ બક્ષી

વૈશ્વિક શાંતિ દિશામાં મહત્વનું પગલું!

14 જૂન 2026ના રોજ અમેરિકા અને ઈરાન વચ્ચે 14-સૂત્રી શાંતિ સમજૂતી પર સહમતી સધાઈ. પાકિસ્તાને મધ્યસ્થીની ભૂમિકા ભજવી. 19 જૂનના રોજ જિનેવામાં ઔપચારિક સહી થશે, તેના મુખ્ય મુદ્દાઓમાં તમામ મોરચે તાત્કાલિક અને કાયમી યુદ્ધવિરામ, જેમાં લેબનાનનો સમાવેશ થાય છે, 30 દિવસમાં હોર્મુઝ સામુદ્રધુની ખુલશે અને ટોલ ફ્રી રહેશે, અમેરિકાની નૌકાદળની નાકાબંધી હટાવવામાં આવશે,ઈરાન 60 દિવસ સુધી યુરેનિયમ સંવર્ધન સ્થગિત રાખશે; અમેરિકા પ્રતિબંધો હળવા કરશે, ઈરાનની 300 અબજ ડોલરની સ્થિર સંપત્તિ મુક્ત થશે, 120 દિવસમાં અમેરિકી સૈન્ય પીછેહઠ કરશે, કેદીઓની અદલાબદલી અને પુનઃનિર્માણ માટે 300 અબજ ડોલરનું ભંડોળ! આ સમજૂતીથી વૈશ્વિક તેલ બજાર સ્થિર થશે અને ભારત સહિત વિશ્વના દેશોને ફાયદો થશે. સંવાદથી જ શાંતિ શક્ય છે! ૐ શાંતિ! વિશ્વ શાંતિ!

સુરત - સુનીલ રાજેન્દ્ર બર્મન

અદભૂત વડલો!!

વર્ષો પહેલાં દિલ્હીની આસપાસ ગીચ જંગલો હતા. જ્યાં મધરાતે ચોર, લૂંટારા બહાર વટિયાઓ વગેરે એક મોટા વડલા નીચે ભેગા થતાં. લૂંટના માલ-સામાનની વહેંચણી કરી ખાઇ પીને છૂટા પડતા. જોગાનુજોગ ઇત્તેફાકથી આજ તેજ જગ્યાએ આપણી પાર્લામેન્ટ આવેલી છે અને ત્યાં ભણેલા, ગણેલા, અભણ, ખૂની, બળાત્કારીઓ વગેરે અનેક ગુનેગારો ભોળી પ્રજાને ધોળે દહાડે લૂંટીને પોતપોતાના ભાગની વહેંચણી કરતા, ખંધા રાજકારણીઓ જોવા મળે છે. તેઓ જનતાને વિવિધ પ્રકારે રંજાડીને એશઆરામની જિંદગી જીવતાં હોય છે. કદાચ એ વડીલી ભૂતિયો હશે?

સુરત - રમેશ મોદી

મોંઘવારીનું વિષચઠ

સરકાર પાસે પેટ્રોલ ડિઝલનો પૂરતો જથ્થો છે, સરકાર પેટ્રોલ-ડિઝલનો ભાવ વધારો કરવાનો ઈરાદો ધરાવતી નથી. વગેરે શોરબકોર વચ્ચે અંતે તેના ભાવ-વધારો થઈ ચૂક્યો છે. તેના 2 દિવસ અગાઉ ગુજરાતની અમૂલ ડેરી અને ડિલ્હીની મધર ડેરીએ દૂધના ભાવ વધારો કરી દીધો હતો. પેટ્રોલ તેમજ દૂધ એવી બે બાબતે પારસમાણ જેવી છે કે તે જેને અડે તેમાં ભાવવધારો પ્રવેશ કર્યે જ છૂટકો થાય. પેટ્રોલમાં ભાવ વધારો થયો એટલે રીક્ષા ભાડું પ્રાઈવેટ વાહનો તેમજ રાજ્ય પરિવહનની બસોમાં ભાવ વધારો થાય. દવા, શાકભાજી, સ્ટેશનરી, હાર્ડવેર, પુસ્તકો વગેરેની કિંમતમાં વધારો થાય. દૂધનો ભાવ વધારો થાય એટલે કે ચા-કોફી, દહીં, છાશ, લસ્સી આઈસ્ક્રીમ વગેરેમાં ભાવ વધારો થાય. અમૂલ દૂધની ખપત ભારતભરમાં છે. અમારા મને અમૂલમાં ગુજરાતી અંગ્રેજી અખબારો અને TV પરની જાહેરાતો બંધ કરે તો ભાવ-વધારો કરવાની જરૂરી ન રહે. અમૂલના વર્ષે કરોડો રૂપિયા જાહેરાતો પાછળ ખર્ચાતા હશે. તે જ રીતે સરકારી કાર્યક્રમોમાં ગાડી તેમજ સંખ્યાબંધ બસો દોડાવવા પાછળ પેટ્રોલના ધૂમાડા સરકાર બંધ કરે તો પેટ્રોલના ભાવ વધારાની જરૂર ન રહે. બાકી મોંઘવારી હદ બહાર હોવાની બૂબો સાથે આ વિષચક્ર ચાલુ જ રહેવાનું છે. કારણ કે અમૂલ કે સરકારને સુફિયાણી સલાહ સિવાય પોતપોતામાં સુધારો કરવાની લેશમાગ ઇચ્છા નથી.

સુરત - અશ્વિનકુમાર કારીઆ

પરિવહન

ધબકતું જીવન ગતિશીલ હોય છે. કુદરતે પણ માનવ શરીરમાં એવું જ અનોખું પરિવહન સર્જ્યું છે. રુધિરાભિસરણ લોહીનું પરિવહન જ છે. વર્તમાન વિશ્વમાં ઓઈલ એન્ડ નેચરલ ગેસ તેની જરૂરિયાત છે. વિશ્વના અમુક દેશોની ધરતીમાંથી તે પ્રાપ્ત થાય છે. એ દેશો તે ઈંધણ અવરોધી શકે છે, ઊંચી કિંમત વસુલ કરી શકે છે. હાલમાં બંને પ્રકારના પરિવહનના સંદર્ભમાં આપ